ખાસ અગત્યનું


સત્યમેવ જયતે
અધિક નિયામક
(તબીબી સેવાઓ)
ગાંધીનગર

National Mental Health Programme

નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ
બ્લોક ૫/૧, મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ શાખા,
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
ત.શિ.(આ.વિ.), ડો.જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર
**Email** :- nmhpgujarat@gmail.com


---

પરીપત્ર

જા.નં.અ.નિ.ત.સે./NMHP/Mental Health/NGO Involvement/ ૬૮ /૨૩ તા. ૦૧/૦૨/૨૪ ~~૧૨/૨૩~~

પ્રતિ,

- તબીબી અધિક્ષકશ્રી/મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી વ સિવિલ સર્જનશ્રી/અધિક્ષકશ્રી, ડીસ્ટ્રીક્ટ મેન્ટલ હેલ્થ યુનિટ હોસ્પિટલ (તમામ)
- નોડલ ઓફિસરશ્રી, ડિસ્ટ્રીકટ મેન્ટલ હેલ્થ યુનિટ (તમામ)
- મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, કોર્પોરેશન (તમામ)

વિષય:- ડિસ્ટ્રીક્ટ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામમાં ટારગેટેડ ઇન્ટરવેન્શન અંતર્ગત **NGO Involvement** બાબત.

ઉપરોકત વિષય અન્વયે આપ જાણો છો તેમ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ડીસ્ટ્રીક્ટ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત માનસિક આરોગ્યને લગત લક્ષિત જુથો માટેની પ્રવુત્તિઓ (ટારગેટેડ ઇન્ટરવેન્શન) માટે લોકલ એન.જી.ઓ. મારફતે એમ.ઓ.યુ. દ્વારા શાળા કોલેજો, સરકારી-ખાનગી ઓફિસો, મજુરો, સિક્યુરીટી સ્ટાફ/વોચમેન વિગેરે ખાસ જુથોમાં માનસિક તણાવ, આત્મહત્યા નિવારણ, જનજાગુત્તિ વિગેરે માનસિક સ્વાસ્થ્યના કાર્યક્રમો માટે ભારત સરકારશ્રી દ્વારા દરેક ડી.એમ.એચ.યુ. અને કોર્પોરેશન કક્ષાએ NCD.2.1.7 બજેટ લાઇન અંતર્ગત ગ્રાંટ ફાળવવામાં આવે છે.

<u>ઉકત કામગીરી માટે હવે પછી નીચે મુજબની સુચનાઓ અનુસરવાની રહેશે.</u>

- જિલ્લા ખાતે કોમ્યુનીટી લેવલે વિવિધ પ્રવૃત્તિઓ, શાળા-કોલેજ ખાતે તરુણો અને યુવાનોનાં માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમો, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માનસિક આરોગ્ય કેમ્પ, સરકારી અને અન્ય કચેરીઓ ખાતે Work Place Stress Management તેમજ Suicide Prevention વિગેરે કાર્યક્રમો જિલ્લાના મેન્ટલ હેલ્થ યુનિટે મેડિકલ કોલેજના માનસિક રોગ વિભાગના સહયોગથી કરવાનાં થાય છે. <u>કોર્પોરેશન કક્ષાએ હાલમાં કોઇ મેન્ટલ હેલ્થ યુનિટની ઉપલબ્ધતા ના હોઇ ઉકત કામગીરી માટે ડિસ્ટ્રીકટ મેન્ટલ હેલ્થ યુનિટ દ્વારા સિલેકટ કરેલ સંસ્થા પાસેથી ટારગેટેડ ઇન્ટરવેન્શનની કામગીરી કોર્પોરેશન વિસ્તાર માટે કરાવવાની રહેશે.</u>

**<u>નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામમાં એન.ઓ.જી. પસંદગીની પ્રક્રીયા;</u>**

- તબીબી અધિક્ષક/સી.ડી.એમ.ઓ./અધિક્ષક કે જે હોસ્પિટલમાં ડિસ્ટ્રીકટ મેન્ટલ હેલ્થ યુનિટ ચાલે છે, તે હોસ્પિટલના વડાએ પોતાના અધ્યક્ષ સ્થાને હોસ્પિટલ કક્ષાએ ઓછામાં ઓછા 03 સભ્યોની કમીટી બનાવી, વહીવટી નિયમોનુસારની પધ્ધતિ (જાહેરાત દ્વારા) થી એન.જી.ઓ. ની પસંદગી કરવાની રહેશે. કમીટીના મેમ્બર સેક્રેટરીશ્રી ડિસ્ટ્રીક્ટ નોડલ ઓફિસરશ્રી, ડિસ્ટ્રીક્ટ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ રહેશે.
- પસંદ કરાયેલ એન.જી.ઓ. સોસાયટી રજિસ્ટ્રેશન એકટ/ઇન્ડીયન ટ્રસ્ટ એકટ/ઇન્ડીયન રિલિઝીયસ અને ચેરીટેબલ એકટ/કંપની એકટ હેઠળ નોંધાયેલ હોવી જોઇએ.
- માનસિક આરોગ્ય ક્ષેત્રે કામગીરીનો અનુભવ હોય તેવી એન.જી.ઓ. તથા ગ્રાંટ-ઇન –એઇડ (સરકારી અનુદાન મેળવતી) સંસ્થાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- એન.જી.ઓ./ટ્રસ્ટ પાસે 80G અને 12AA પ્રમાણપત્ર હોવા જોઇએ.
- સરકારશ્રીના કોઇ વિભાગ દ્વારા બ્લેકલિસ્ટેડ એન.જી.ઓ./ગ્રાંટ-ઇન-એઇડ સંસ્થા દરખાસ્ત કરી શકશે નહી, આ બાબતે દરખાસ્ત સાથે જે-તે એન.જી.ઓ. બ્લેકલિસ્ટેડ થયેલ નથી, તે બાબતની ચકાસણી કમીટીએ કરવાની રહેશે તથા જે-તે સંસ્થા પાસેથી પણ બ્લેકલીસ્ટેડ થયેલ નથી તે બાબતનું સ્ટેમ્પ પેપર ઉપર પ્રમાણપત્ર લેવાનું રહેશે.
- એન.જી.ઓ. પાસે ૩ વર્ષના ઓડિટેડ હિસાબો હોવા જોઇએ.
- પસંદગી થયા બાદ એમ.ઓ.યુ. દ્વારા કામગીરી કરવાની રહેશે.
- પસંદગી થયેલ એન.જી.ઓ.ને ૫૦ % ફંડ એમ.ઓ.યુ. સહી થયે અને બાકીનું ૫૦ % ફંડ કામગીરી પુર્ણ થયે હોસ્પિટલ ઓથોરિટી દ્વારા મુલ્યાંકન કર્યા બાદ જ આપવાનું રહેશે.
- કામગીરીની માસિક સમીક્ષા બેઠક હોસ્પિટલ ઓથોરિટી/કમીટી સાથે કરવાની રહેશે.
- થયેલ કામગીરીનો માસિક રિપોર્ટ અને વાર્ષિક પ્રોજેક્ટ રિપોર્ટ ફરજિયાત હોસ્પિટલ ઓથોરિટીને મોકલવાનો રહેશે.

**<u>NMHP હેઠળ માનસિક આરોગ્યની સંસ્થાએ કરવાની થતી કામગીરી તેમજ તે અંગેની શરતો:</u>**

૧. દરેક પ્રવૃત્તિ માટે પ્રવૃત્તિ દીઠ નક્કી કરેલ મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૨. જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી (નોડલ ઓફિસરશ્રી મેન્ટલ હેલ્થ) એ સુચવ્યા મુજબની પ્રવુત્તિઓ જિલ્લા સાથે સંકલનમાં રહી, તે પ્રમાણે જ પ્રવૃત્તિનું આયોજન અને કામગીરી કરવાની રહેશે. જે માટેનું અનુદાન રાજ્ય કક્ષાએથી જિલ્લા હોસ્પિટલને વિભાગીય કચેરી દ્વારા ફાળવવામાં આવે છે.

૩. કરેલ દરેક પ્રવૃત્તિ દરમ્યાનના ફોટોગ્રાફ્સ, વિસ્તૃત અહેવાલ, ભાગ લીધેલ લોકોની વિગતવાર હાજરી પત્રક માહિતી નિભાવવાની રહેશે.

૪. શાળા, કોલેજ કે સરકારી કાર્યક્રમોમાં મેડિકલ કોલેજ/જિલ્લા હોસ્પિટલના સાયકીયાટ્રીસ્ટ અથવા અન્ય કર્મચારીને સાથે રાખીને પ્રવૃત્તિ કરવાની રહેશે અને પ્રવૃત્તિ પુરી થયા બાદ જે-તે જવાબદાર સરકારી અધિકારીશ્રીની સહીવાળું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૫. પ્રવૃત્તિ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચના બીલ તેમજ દસ્તાવેજ નિયત સમય મર્યાદામાં પુરા પાડવાનાં રહેશે.

૬. દરેક પ્રવૃત્તિ દરમ્યાન આપના દ્વારા પ્રોગ્રામ અંતર્ગત તૈયાર કરેલ આઈ.ઈ.સી બનાવી લોકોને પુરું પાડવાનું રહેશે, જેનો ખર્ચ નક્કી કરેલ બજેટની મર્યાદામાં કરવાનો રહેશે.

૭. NMHP પ્રોગ્રામ હેઠળ આપના દ્વારા દરેક કાર્યક્રમ દીઠ કરવાનો થતો તમામ ખર્ચ બજેટની મર્યાદાને ધ્યાનમાં રાખીને કરવાનો રહેશે. કાર્યક્રમના ખર્ચનું ખર્ચ પત્રક ઓથોરાઇઝ્ડ સહી સિક્કા સાથે દર માસના અંતે તેમજ યુ.ટી.સી પ્રવૃત્તિઓ પુરી થયા બાદ નાણાકીય વર્ષના અંતે અત્રે હોસ્પિટલને રજુ કરવાનું રહેશે.

૮. ૫૦ % ગ્રાંટ ફાળવેલ કાર્યક્રમોનો હિસાબ નિયત સમયમર્યાદામાં હોસ્પિટલ ઓથોરિટીને રજુ કર્યા બાદ જ આગળનાં કાર્યક્રમો માટેનું ફંડ ફાળવવાનું રહેશે.

૯. કાર્યક્રમો અંતર્ગત માનસિક રોગના દર્દીઓની ઓળખ તેમજ તેઓને મેડિકલ કોલેજ/ હોસ્પિટલના મનોચિકિત્સક પાસે મોકલવાના રહેશે. ઉપરાંત કાર્યક્રમ દરમિયાન ઓળખાયેલા દર્દીઓની યાદી દર માસનાં અંતે મેડિકલ કોલેજ/ હોસ્પિટલના માનસિક રોગ વિભાગ તથા ડિસ્ટ્રીકટ મેન્ટલ હેલ્થ યુનિટને મોકલી આપવાની રહેશે. જેથી તેઓનું નિયમિત ફોલોઅપ કરી શકાય.

૧૦. MoU દર વર્ષે કરવાના રહેશે, જે નાણાંકીય વર્ષ મુજબ માર્ચ મહિના સુધી માન્ય રહેશે.

**DMHP-Targeted Interventions - નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામમાં ટારગેટેડ ઇન્ટરવેન્શન અંતર્ગત કરવાની થતી મુખ્ય પ્રવૃત્તિઓ;**

(૧) માનસિક તણાવમાં ઘટાડા/ આત્મહત્યા નિવારણની પ્રવૃત્તિઓ;

Stress reduction/Suicide prevention activities (School, workplace, Post partum mothers, farmers etc), mental health assessment, management and counselling sessions, Seminars, Workshops, Debates

(૨) સમુદાયમાં માનસિક આરોગ્યને લગત જાગ્રુતિની પ્રવૃત્તિઓ.

Community awareness activities, Community orientations/Campaigns, Collaboration with factories, institutes, facilities etc..

(૩) વ્યસનમુક્તિને લગત પ્રવૃત્તિઓ.

Deaddiction Activities (Tobacco, alcohol, narcotic substances), Seminars, Workshops, Group counselling

(૪) યોગા, મેડીટેશનને લગત પ્રવૃત્તિઓ.

Improving mental health at community level (Positive reinforcement), Yoga, meditation sessions, Involvement of motivational speakers, religious leaders

ટારગેટેડ ઇન્ટરવેન્શનની કામગીરી માટે વર્ષ ૨૦૨૩૨૪ માં અંદાજિત બજેટ ફાળવણી કરવામાં આવેલ છે, પરંતુ વર્ષ ૨૦૨૪-૨૬ થી એન.એચ.એમ. બજેટ જોગવાઇ જે-તે જિલ્લાની વસ્તીના આધારે અને દરેક પ્રવુત્તિઓ માટે બજેટ નક્કી કરેલ છે, જે આપશ્રીની જાણ સારુ, જે ભારત સરકારશ્રીમાં મંજુરી હેઠળ છે, જે આ પત્ર સાથે એકસલ શીટમાં આપશ્રીની માર્ગદર્શિકા સારુ સામેલ રાખેલ છે, જેને અનુસરીને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે આપને ફાળવેલ ટારગેટેડ ઇન્ટરવેન્શનની ગ્રાંટની મર્યાદાને ધ્યાને લઇ માર્ગદર્શિકા તરીકે ઉપયોગ કરી શકાશે.

વધુમાં NMHP કાર્યક્રમ હેઠળ એન.જી.ઓ. દ્વારા કરવાની થતી કામગીરી માટે થયેલ કરાર તેમજ તેની શરતોમાં ફેરફાર, બદલાવ કે રદ્દ અંગેના તમામ હક્કો નિયત કરેલ કમીટીને આધીન રહેશે.

<u>બિડાણ:-</u> એન.જી.ઓ. સિલેકશન ગાઇડલાઇન.

અધિક નિયામક
તબીબી સેવાઓ, ગાંધીનગર

નકલ રવાના જાણ વ જરૂરી કાર્યવાહી સારુ:-

- વિભાગીય નાયબ નિયામક આરોગ્ય અને તબીબી સેવાઓ (તમામ)

<u>નકલ સવિનય રવાના જાણ સારુ :-</u>

- કમિશ્નરશ્રી (આરોગ્ય), મજકુર કચેરી, ગાંધીનગર
- મિશન ડાયરેકટર, નેશનલ હેલ્થ મિશન, ગાંધીનગર.

# Guidance documents for Selection of NGO/Trust/Grant-in-Aid Institutes to carry out Mental Health Activities for Targeted Interventions under District Mental Health Program, Gujarat

Healthy mind is a key to healthy life. This is even recognized by the definition of health by World Health Organization as "Health is a state of complete physical, mental and social well-being and not merely the absence of disease or infirmity". Furthermore, mental health is essential even for good physical health as many of the manifestation of mental health are in form of altered physical health. Hence, it is important to address mental health issues at the earliest.

Mental health issues need early identification and management in form of counselling and treatment. Delayed identification leads to very poor outcomes and many times persons ends up with unfortunates steps like suicide. Hence, it is important that people with mental disorders are identified early and helped with treatment. It is also important to ensure that this disorders are prevented in early stages. So it becomes imperative to improve community awareness about various mental health issues, its identification, management and help available at various government and non-government health facilities. However, considering large scale need of mental health program, government takes help from not for profit organizations for implementation.

This document is prepared with the objectives of involving not for profit organizations for implementation of the mental health programs. Document will guide state mental health program, district mental health programs, hospitals for mental health, and other hospitals and health facilities in implementing various mental health programs budgeted under National Health Mission, State Health Budget and other local budget for this purpose.

For the purpose of this document, the term NGO means "not for profit organizations registered as a Trust or a Society". The purpose of these document is to guide government health facility/hospital/district health society to select NGO/Trust/other similar institutes to carry out mental health related activities in the districts. As per this guidance, government health facility/hospital/district health society will select NGO to carry out preventive, promotive activities to improve mental health and well-being of community. These are broader guidance for the selection process. Minor modification may be made by government counterpart as per local contexts.

## <u>Major Activities to be carried out:</u>

Following broad activities to be carried out engaging NGO /Trust to improve mental health and well-being of community. These may be modified a little bit as per local needs.

1. Stress reduction/Suicide prevention activities (School, workplace, Post partum mothers, farmers etc)
    a. Mental health assessment, management and counselling sessions

b. Seminars
c. Workshops
d. Debates

2. Community awareness activities
   a. Community orientations / campaigns
   b. Collaboration with factories, institutes, facilities etc..
3. Deaddiction activities (Tobacco, alcohol, narcotic substances)
   a. Seminars
   b. Workshops
   c. Group counselling
4. Improving mental health at community level (Positive reinforcement)
   a. Yoga, meditation sessions
   b. Involvement of motivational speakers, religious leaders
   c. District specific/Any Other Activities

**Selection Process :**

- Minimum 03 members Committee (1. District Nodal Officer - Mental Health Program (As a member Secretary of Committee), 2. Regular Officer from Hospital (Admin Officer/Finance Officer) & 3. Medical Superintendent/CDMO/Superintendent of Hospital) should be formed to carry out selection process.
- Head of Committee must be Medical Superintendent/CDMO/Superintendent of Hospital of DMHU and District Nodal/Prog. Officer of DMHP must be role as a Member Secretary of Committee.
- Open advertisement to be published in leading newspapers in local language.
- Once applications are received from eligible organizations, selection should be based on selection criteria given in this document.
- Name of selected organization to be intimated to Nodal Officer, state mental health programs

**Memorandum of Understanding / Agreement**

- The partnerships will be formalized through a MoU between NGO and Government hospital/institute. The MoU should define key role and responsibilities of each partners..
- The period of appointment of the NGO would be based on the project duration which would depend on duration of budgetary approval in NHM PIP.
- 10% institutional overhead may be paid to NGO to cover some legitimate institutional needs, especially the needs to develop its own internal capacity, pay its support staff and other miscellaneous activities.
- The performance of the NGO would be monitored on the basis of agreed indicators, which would be clearly mentioned in the MoU signed between the NGO and the

Government hospital/institute. These indicators should be relevant, measurable and specific to the work undertaken by the NGO

- Periodic review of work undertaken should be done jointly between government hospital/institute and NGO.
- NGO will submit a detailed report of its activities at the end of project with good photographs

**Selection Criteria for NGO:**

- NGO should be registered under the Societies Registration Act/Indian Trust Act/ Indian Religious and Charitable Act/Companies Act
- NGO with previous experience of similar work (Mental Health and wellbeing) may be given preference.
- NGO / Trust should have 80G & 12AA
- NGO blacklisted or placed under funding restriction by any Department of the Government of Gujarat, would not be eligible for applying under the scheme. NGOs applying for projects should give an affidavit to this effect certifying that they have not been blacklisted by any Department of the Government of Gujarat.
- NGO should have transparent financial system and should be able to provide audited statement of last three financial years.

**Additional Director (Medical Services)**
**Gandhinagar**